# પ્રારંભિક શિક્ષણમાં ડિપ્લોમા
# (ડી.એલ.એડ.)

## અભ્યાસ- ૫૦૭
## સમુદાય અને પ્રાથમિક શિક્ષણ

### વિભાગ- ૧
### સમાજ, સમુદાય અને વિદ્યાલય


**રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષા સંસ્થાન**

એ- ૨૪-૨૫, ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, સેક્ટર- ૬૨, નોઈડા

ગૌતમબુદ્ધ નગર, યુપી- ૨૦૧૩૦૯

વેબસાઈટઃ www.nios.ac.in

# વિભાગ- ૧
# સમાજ, સમુદાય અને વિદ્યાલય

**વિભાગના એકમ**

**એકમ-૧ :  સમાજ અને શિક્ષણ**

**એકમ-૨ : સમુદાય અને શાળા**

**એકમ-૩ : શાળાકીય શિક્ષણમાં સમુદાયનો ફાળો**

**એકમ-૪ : ‘ સર્વ શિક્ષા અભિયાન’ તથા શિક્ષણના અધિકારો માટે સમુદાયની ભાગીદારી  માટેની જોગવાઈઓ**

## વિભાગ (બ્લોક) ની પ્રસ્તાવના

*શિક્ષાર્થી તરીકે તમે સમુદાય તથા શાળાનો સંબંધ સમજો, શાળાકીય શિક્ષણમાં સમુદાયનો ફાળો, શાળાની વ્યવસ્થા તથા સમુદાય સાથે સંબંધિત સંસાધનોની વ્યવસ્થા અંગેની સમજણ વિકસિત થાય તે માટે આ વિષય ઘડવામાં આવ્યો છે. આ વિષય ત્રણ વિભાગમાં વહેંચ્યો છે.*

### વિભાગ-૧ : સમાજ, સમુદાય અને વિદ્યાલય

*શિક્ષાર્થી તરીકે તમે વિભાગ-૧ માં 'સમાજ, સમુદાય અને વિદ્યાલય' નું અધ્યયન કરશો. આ વિભાગમાં સમાજ અને શિક્ષણ, સમુદાય અને શાળા, શાળાકીય શિક્ષણમાં સમુદાયનો ફાળો તથા શિક્ષણના અધિકારો સંબંધિત જોગવાઈઓ- એમ ચાર એકમો છે.*

### એકમ-૧ : સમાજ અને શિક્ષણ

*આ એકમ સમાજનો અર્થ સમજવામાં તથા સમાજનાં વિવિધ અંગો, જેવાં કે- પરિવાર, શિક્ષણ, ધર્મ- વગેરેની શિક્ષણક્ષેત્રમાં ભૂમિકા સમજવામાં મદદરૂપ થશે. તમને એ પણ સમજાશે કે શૈક્ષણિક સંસ્થાઓ સમાજનું મહત્ત્વપૂર્ણ અંગ છે અને શીખવું એ સામાજિક આવશ્યકતા છે. આ એકમ તમને ભારતીય સમાજનો વિકાસ, તેની પ્રકૃતિ તેમજ વિવિધતાઓ સમજવામાં સહાય કરશે.*

### એકમ- ૨ : સમુદાય અને શાળા

*આ એકમ તમને સમુદાયનો અર્થ તથા એના પ્રકારો અંગે સમજવામાં મદદ કરશે. તદુપરાંત પ્રાથમિક શિક્ષણના સંદર્ભે સમુદાયની ભૂમિકા તમે સમજી શકશો. આ એકમ તમને સમુદાય અને શાળા વચ્ચેના અંતર્સંબંધો વિશે સમજવામાં પણ મદદ કરશે. તમે વિદ્યાર્થીના ભાષાવિકાસ, સાંસ્કૃતિક વિકાસ તથા જીવન-કૌશલ વિકાસમાં સમુદાયની ભૂમિકા વિશે પણ સમજી શકશો.*

### એકમ-૩ : શાળાકીય શિક્ષણમાં સમુદાયનો ફાળો

*આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે શિક્ષણમાં સમુદાયની ભાગીદારી અને સાર્થકતા વિશે સમજ કેળવી શકશો. શાળાકીય શિક્ષણમાં સમુદાયની સહભાગિતાવે કારણે ઉદ્ભવતા વિવિધ પ્રકારનાં યોગદાન માટે સરકારી પહેલને સમજી શકશો. શાળાકીય શિક્ષણમાં ગુણાત્મક સુધારણા માટે સ્થાનિક સંસાધનોને ઓળખીને એમના ઉચિત ઉપયોગથી સમુદાય શાળાશિક્ષણ માટે ઘણો સહાયભૂત થઈ શકે એ બાબત પણ તમને સમજાશે.*

### એકમ- ૪ : ' સર્વ શિક્ષા અભિયાન' તથા શિક્ષણના અધિકારો માટે સમુદાયની ભાગીદારી માટેની જોગવાઈઓ

*આ એકમ તમને શિક્ષણમાં સમુદાયની ભાગીદારી તથા એનું મહત્ત્વ સમજાવવાનું કામ કરશે. તમે ' સર્વ શિક્ષા અભિયાન' તથા શિક્ષણના અધિકારના અધિનિયમ અંતર્ગત સમુદાયની ભાગીદારીની મુખ્ય વિશેષતાઓ તથા એનાં લક્ષણો વિશે માહિતગાર થશો. તમને ખ્યાલમાં આવશે કે સમુદાયની ભાગીદારી શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટે શી ભૂમિકા ભજવી શકે. વિભિન્ન રાજ્યોમાં સામુદાયિક ભાગીદારીના સંદર્ભે થયેલી મહત્ત્વની પહેલ વિશે પણ તમે સમજશો. વિદ્યાલય પ્રબંધન સમિતિ તથા ગ્રામીણ શિક્ષણ સમિતિઓની સંરચના અને તેનાં કાર્યો વિશે પણ સમજી શકશો.*

# વિષયવસ્તુ


| ક્રમ | યુનિટ | પેજ નં. |
|---|---|---|
| એકમ-૧ : | સમાજ અને શિક્ષણ | ૧ થી ૧૭ |
| એકમ-૨ : | સમુદાય અને શાળા | ૧૮ થી ૪૨ |
| એકમ-૩ : | શાળાકીય શિક્ષણમાં સમુદાયનો ફાળો | ૪૩ થી ૭૦ |
| એકમ-૪ : | ‘ સર્વ શિક્ષા અભિયાન’ તથા શિક્ષણના અધિકારો માટે સમુદાયની ભાગીદારી માટેની જોગવાઈઓ | ૭૧ થી ૯૭ |